# પ્રકરણ ૩

# અખબારી ગુજરાતી નવલકથા સ્વરૂપ : લોકપ્રિયતા અને પ્રતિબદ્ધતા

# પ્રકરણ ૩

# અખબારી ગુજરાતી નવલકથા સ્વરૂપ :
# લોકપ્રિયતા અને પ્રતિબદ્ધતા

**ભૂમિકા :**

સાહિત્ય, માનવ જીવનની મહાન ઉપલબ્ધિ છે. માનવ જીવન સાહિત્યને કારણે જ આટલું સમૃધ્ધ બન્યું છે. સાહિત્યકૃતિઓ અનેક પ્રકારની હોય છે, પણ સાહિત્ય કૃતિઓને જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવી છે. ગુજરાતી સાહિત્ય કોશ-૩માં આવી વાત કરવામાં આવી છે. સાહિત્ય કૃતિઓને આપણે ત્રણ ભાગમાં વિભાજીત કરીને થોડીક વધારે ચર્ચા કરીએ :

(૧) કલાત્મક કે સાહિત્યિક કૃતિઓ

(૨) લોકભોગ્ય સાહિત્યકૃતિઓ

(૩) લોકપ્રિય સાહિત્ય કૃતિઓ

પ્રથમ પ્રકારની સાહિત્ય કૃતિઓને આપણે પ્રશિષ્ટ કહી શકીએ તેમ છે. જયારે બીજા પ્રકારની સાહિત્ય કૃતિઓમાં લોકચાહના હોય છે, તેથી આ પ્રકારમાં નવલકથાઓ - વાર્તાઓ, નિબંધો અને હાસ્યલેખોનો સમાવેશ થાય છે. જો કે લોકભોગ્ય સાહિત્ય કૃતિઓમાં લોકપ્રિય સાહિત્ય કૃતિઓનો પણ સમાવેશ થાય છે. લોકભોગ્ય અને લોકપ્રિય જુદા જુદા શબ્દો હોવા છતાં એમાં પાતળું જ અંતર છે, જોઈએ તો ‘લોકપ્રિય સાહિત્ય’, ‘ધારાવાહિક નવલકથા’ અને ‘અખબારી નવલકથા’ ત્રણ શબ્દો આપણને પ્રાપ્ત થાય છે.

સાહિત્યનું ક્ષેત્ર આ રીતે ત્રણ વિભાગોમાં વહેંચાયેલું છે. ‘લોકપ્રિય સાહિત્ય’ની વાત કરીએ તો તેમાં ધારાવાહિક નવલકથા એટલે કે અખબારી નવલકથાનું બહુ મોટું અને મહત્ત્વનું સ્થાન અંકિત થાય છે. આ સ્થાન કેવું અને કેટલું છે ? એ વિશે અહીં સંપૂર્ણ ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

અખબારી નવલકથા કે ધારાવાહિક નવલકથાનું સ્વરૂપ કેવું છે ? એનાં લક્ષણો કેવાં છે ? એની વિશેષતાઓમાં કયાં વલણો સમાયેલાં છે ? એ બધું સંશોધવાનો અહીં પ્રયાસ કર્યો છે. સૌથી પ્રથમ

આ અવતરણ જોઈએ -

મણિલાલ હ. પટેલ લખે છે કે - ‘‘લોકપ્રિય લેખકોનો આશય પ્રજાને જીવનનાં અનેક પડળો બતાવીને જાગૃત કરવાનો નથી હોતો, એમનો તો કામચલાઉ મનોરંજન પૂરું પાડવાનો હોય છે. એમને તો એમાંથી થતો અર્થલાભ જ મહત્ત્વનો છે ,ને લોકપ્રિયતાને નામે મળતી સસ્તી પ્રસિધ્ધિનો નશો પણ એમને ચઢતો હોય છે.’’[૧]

અહીં વિવેચક લોકપ્રિય લેખકોને ઉતરતા ગણે છે અને તેમના કાર્યને નિંદનીય ગણીને આરોપો મૂકે છે. શું લોકપ્રિય લેખકો આ પ્રકારની સ્થિતિ પરિસ્થિતિનું નિર્માણ કરે છે ? ‘લોકપ્રિયતાના નામે મળતી સસ્તી પ્રસિધ્ધિ’ને કારણે શું તેઓ ગમે તેવું - નકામું કે નુકશાનકારક ભાથું પીરસે છે ? ચાલો એ બાબતોની ચકાસણી કરીએ. ધારાવાહિક નવલકથાને માથે ‘કામચલાઉ મનોરંજન’નો જે દાગ લાગ્યો છે એ વાતની ચકાસણી કરીએ, ‘અર્થલાભ’ એમનું મુખ્ય કાર્ય છે, એ આરોપ કેટલો સંગીન છે ? એની તપાસ કરીએ. આ સંશોધનનો એ જ હેતુ છે.....

### ૩.૧ સંજ્ઞાવિચાર :

અખબારી નવલકથા માટે આપણે મોટાભાગે ‘ધારાવાહિક નવલકથા’ જેવો સામાન્યતઃ શબ્દ પ્રયોગ કરીએ છીએ. આ શબ્દ પ્રયોગ વ્યાપક બની ગયો છે. ‘અખબારી ધારાવાહિક’ કે ‘દૈનિક ધારાવાહિક’ શબ્દની સામાન્ય સમજ આપવી હોય તો આ રીતે આપી શકાય - ‘અખબારમાં હપ્તાવાર કે નિયત સમયે છપાતી નવલકથાને અખબારી નવલકથા કહેવાય છે.’ અહીં ‘અખબારી’માં ‘અખબાર’ સંજ્ઞા ઘણી મહત્ત્વની છે. જેનો અર્થ થાય છે , ‘દૈનિક’- ‘દરરોજ’. પ્રસિધ્ધ થતું વર્તમાન/સમાચાર પેપર. દૈનિક શબ્દ કેવી રીતે આવ્યો છે તેની ચર્ચા કરીએ તો મૂળ ફ્રેન્ચ શબ્દ **‘Jornal’** અને લૅટીન **‘diurnul’** અર્થ ‘રોજીંદુ’ યા ‘દૈનંદિન’ એવો થાય. તેના પરથી આવ્યું **‘Journulism’** અર્થાત ‘પત્રકારત્વ’. અહીં **Journal** - રોજીંદુ - દૈનંદિન જેવા શબ્દો મહત્ત્વના બની રહે છે. જેને ‘પત્ર’ પણ કહેવામાં આવે છે. ‘પત્ર’ પરથી શબ્દ આવ્યો છે ‘પત્રકારત્વ’. કોઈપણ મુદ્રીત સામાયિક કાર્ય જે પ્રજાકીય ઘટનાઓ વિશે સમાચાર યા વિચાર વ્યકત કરે તે ‘પત્રકારત્વ’ છે.

સંજ્ઞાવિચાર કરતાં કેટલીક જે વિશિષ્ટ સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે, તે આ મુજબ છે :

(૧) દૈનિક : જે દરરોજ પ્રસિધ્ધ થાય તે

(૨) પૂર્તિ : જે જીવન અને તે સંલગ્ન લેખો પ્રસિધ્ધ કરે

(૩) અખબાર : જે 'સમાચાર' કેન્દ્રી હોય

(૪) News Paper : Newsમાનાં એક દરેક શબ્દ દિશાનું સૂચન કરે છે.

(૫) પત્ર : જે રીપોર્ટ સ્વરૂપે રજૂ થાય તે.

અખબારી નવલકથાની ચર્ચા કરતાં - કરતાં પાંચેય સંજ્ઞાઓ વિશિષ્ટ ભૂમિકા ભજવે છે. આ સંજ્ઞાઓની ચકાસણી જરા ઊંડાણથી કરીએ.

'દૈનિક' શબ્દ 'દિન' પરથી આવે છે અને તેનો અર્થ 'દિવસ' થાય છે. 'ઈક' પ્રત્યય 'પ્રત્યેક દિવસ' એવી સૂચના આપે છે. દરરોજ પ્રગટ થતા બનાવો તો 'સમાચાર' હોય છે, પણ સમાચાર માણસને પૂરું મનોરંજન અને જ્ઞાન પીરસી શકે નહીં તેથી શરૂ થઈ : પૂર્તિ. પૂર્તિ એ માનવ જીવનના દરેક પાસાને સમાવેશ કરી માહિતી - જ્ઞાન કે સામગ્રી આપે છે. ચારેય દિશાઓની N - North, E - East, W - West, S - Southની ખબર આપે તે આ રીતે ગણી શકાય. જ્યારે આ News માં લીટરેચર ભળે છે ત્યારે કેવી સ્થિતિ સર્જાય છે તેની ચર્ચા કરીએ.

**(૧) કલાત્મક કે સાહિત્યિક** : આવી કૃતિઓને વિદ્વાનો - વિધેયકો અને સુરુચિ સંપન્ન ભાવકોનો નાનકડો વર્ગ સમજી શકે છે. સર્જકની કળા એમાં એની પરાકાષ્ટા હોય છે. આવી કૃતિઓ અખબાર માટે નથી સર્જાતી પરંતુ આવી કૃતિઓ પોતે જ પ્રસિધ્ધ થયા પછી અખબારમાં ચર્ચાય છે અને એ રીતે આપણને આવી કૃતિઓ સમાજમાં કે ઉચ્ચ પ્રકારના ભાવક વર્ગમાં ફેલાતી જાય છે. આવી કૃતિઓ ત્રણેય સ્તરે ઉત્તમ ગણાય છે.

(૧) સામગ્રીના સ્તરે

(૨) ભાષાના સ્તરે

(૩) માવજત - અભિવ્યકિતના સ્તરે.

આ રીતે આ કૃતિઓ પહેલાં સમાજમાં પછી 'અખબાર'માં પ્રવેશ કરે છે. આથી આ કૃતિઓ ભાવકો દ્વારા, વિવેચકો દ્વારા અને સંશોધકો દ્વારા ઉચ્ચ સ્થાન પામે છે, જેમ કે ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર'

**(૨) લોકભોગ્ય સાહિત્ય કૃતિઓ :** ''ભાવકો થોડાક પ્રયાસથી કે પોતાની ઓછી વત્તી કેળવાયેલી રૂચિ, વત્તા સમાજથી આવી કૃતિઓને પામે છે. સર્જકે અહીં સાહિત્યિક ગુણવત્તા સાચવવા સાથે સહજતા અને સરળતા પણ સાચવ્યાં હોય છે.''[૨] આવી કૃતિઓ કલા અને જીવન બન્ને વચ્ચે સંતુલન રાખે છે અને કળાવિદોમાં તેમજ સામાન્ય - ભાવકોમાં જેને સામાન્ય રીતે સાહિત્યની થોડી ઘણી સૂઝ હોય છે તેઓને આકર્ષે છે. આ કૃતિઓ અખબારમાં ચર્ચાતી રહે છે. જેમ કે - ચંદ્રકાંત બક્ષીની- 'આકાર'

**(૩) લોકપ્રિય સાહિત્યકૃતિ :**

લોકપ્રિય સાહિત્યમાં અખબારી સાહિત્યનો સમાવેશ થાય છે. જો કે, આજે આ સાહિત્યનું સ્તર વિકાસ પામતું નજરે ચડે છે. લોકપ્રિયતાએ સાહિત્યનું માત્ર નાનું અમથું એક લક્ષણ છે. લોકપ્રિયતા અને સાહિત્યકળાને શો સંબંધ છે તેની ચર્ચાઓ ભિન્ન ભિન્ન રીતે દરેક જમાનામાં થતી રહી છે. 'સાહિત્ય' અને 'લોકપ્રિયતા' બંને સંબંધો એકબીજાના વિરોધી નથી, પણ ઘણીવાર એવું માનવામાં આવે છે કે જે લોકપ્રિય નથી તે સાહિત્યિક દષ્ટિએ ઉતરતી કક્ષાનું છે. એટલે કોઈ લેખકને 'લોકપ્રિય' એવું વિશેષણ લગાડીએ છીએ ત્યારે એમાં એને એનું અપમાન લાગે છે.

શું ધારાવાહિક નવલકથાના વાચક બનવું એ ગૂનો છે ? શું અખબારી નવલકથાના સર્જક બનવું એ માત્ર અર્થવ્યવસ્થાનું જ પરિણામ છે ? શું લોકપ્રિયતાના માધ્યમને સાહિત્ય માટે પ્રયોજવું એ કોઈ નકામી પ્રવૃત્તિ છે ? આ બધા પ્રશ્નો અનાયાસે ઉદ્દભવે છે. પરંતુ આજ સુધીનો ઈતિહાસ કહે છે કે, વાચકોની રૂચિ ઘડવામાં અખબારી નવલકથાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. છતાંય એક બાબત સ્પષ્ટ છે : ''.....આટલી લાંબી યાત્રામાં એટલું સમજી શકયા કે ધારાવાહી વાચકોનું બજાર જુદા પ્રકારનું છે. ખાસ કરીને દૈનિકની પૂર્તિમાં લખાતી ધારાવાહિકનું 'ચિત્રલેખા' જેવાં સાપ્તાહિકો તો લેખકો સાથે શરત કરે છે કે ''વાચકોને પ્રિય ન લાગે તો પછીનાં ચાર પ્રકરણોમાં સમેટી લેવી.''[૩]

ધારાવાહિક નવલકથાને વાંચનારો એક અલગ વર્ગ છે, જે વર્ગ કાંતો દુકાને બેઠો છે, કાં'તો રસોડાથી નવરા પડીને કશુંક મૂડ ચેન્જ કરવા બેઠો છે. કાંતો તે સરકારી ઓફિસમાં સમય કાઢવા માટે હાથમાં પેપર લઈને બેઠો છે. આવા - આવા વાચકો અખબારી નવલકથાને મળ્યા છે.

સૂગાળવા વિવેચકો અને વિદ્વાનો તો આ નવલકથાને શુદ્ર ગણે છે. પરંતુ સામાન્ય વાચકો તો આવા સર્જકોને સાચા સર્જકો ગણે છે, કારણ કે તે સરેરાશ જીવન કે સરેરાશ માણસની લાગણીઓ - વિચારો અને જ્ઞાનની સરાહના કરતાં - કરતાં લખતો રહે છે.

ધારાવાહિક નવલકથાકારની સામે અનેક સ્થિતિ - પરિસ્થિતિઓ પ્રગટ થતી જાય છે. એ પરિસ્થિતિઓ શારીરિકથી માંડીને આર્થિક, ભૌતિક અને માનસિક સુધીની હોય છે કારણ કે તેને અખબારી માલિકની માંગ પ્રમાણે ઝઝૂમવાનું હોય છે.

આ જુઓ - 'સોરઠ તારાં વહેતાં પાણી'ની પ્રસ્તાવનામાં આ નવલકથા કેવી રીતે લખાઈ તેની વાત કરતાં તેઓ લખે છે :

"છાતી પર ઊભેલા એક શનિવારની કામગીરીને પહોંચી વળવા આ કથા - પ્રકાર અજમાવેલો."[૪]

અહીં 'છાતી પર ઉભેલો' રૂઢીપ્રયોગ નવલકથાકારની માનસિક સ્થિતિનો તાગ આપે છે. અને કામગીરીને પહોંચી વળવા જેવો શબ્દ પ્રયોગ તાત્કાલિકતાનો સંદર્ભ જોડી આપે છે. આ વિશે પ્રસિધ્ધ નવલકથાકાર મહેશ દવે લખે છે કે -

".....આ રીતે લખાતી નવલકથાની કેટલીક શરતો છે. દરેક પ્રકરણે સાતત્ય સાધવાનું પછીના પ્રકરણ માટે આતુરતા સર્જવાની આ માટે બને તો આગલા પ્રકરણને અંતે સન્નાટો સર્જવાનો."[૫]

સાતત્ય એ ધારાવાહિક અને અખબારી નવલકથા માટેનું મહત્ત્વનું પરિબળ છે. અહીં અવતરણકારે આતુરતા અને સન્નાટો બંને પરિબળોને પણ મહત્ત્વના જણાવ્યાં છે, આથી ખ્યાલ આવે છે કે એક અબખારી નવલકથાકાર પાસે કેટલી સજ્જતા જરૂરી છે.

આતુરતા સર્જવાની મથામણ પણ અખબારી નવલકથાનું મહત્ત્વનું લક્ષણ ગણાવતી આ વ્યાખ્યામાં આતુરતાનો અર્થ સમજવો જોઈએ.

'આતુરતા એટલે શું ?' સામાન્ય રીતે આપણી સમગ્ર જીંદગી આતુરતા પર આધારિત છે. જેમ રાત થાય પછી દિવસની આતુરતા થઈ જાય છે તે એક નિયમ છે તેમજ નવલકથામાં આતુરતાનો આવો ક્રમ રચાવાનો પણ એક સિધ્ધાંત જોવા મળે છે, જે અખબારી નવલકથાકાર આવું ન કરી શકે તે અખબારી નવલકથાને લોકપ્રિય બનાવી શકતો નથી.

સાથોસાથ આ વ્યાખ્યામાં આપણને 'સન્નાટો' શબ્દનો પરિચય પણ થાય છે. અખબારી નવલકથામાં 'સન્નાટો' સર્જવાની નવલકથાકારની ખેવના મહત્ત્વનું પરિબળ જણાય છે. 'સન્નાટો' એટલે શું ? જેને આપણે અંગ્રેજીમાં 'થ્રીલ કે થ્રીલર' કહીએ છીએ. ખૂન, બળાત્કાર, અપહરણ તથા એના જેવી જ બીજી ઘટનાઓ 'આપઘાત' - આઘાત જેવા પ્રસંગો આ માટે મોટી ભૂમિકારૂપ ગણાય છે. લેખક 'સન્નાટા' દ્વારા વાચકના મન - હૃદયમાં પ્રવેશીને એના પરિણામ માટે ઉત્સુકતા જગાવવાનું કાર્ય કરે છે. ભાવક જ્યારે લેખકની સૃષ્ટિનો સહજ સ્વીકાર કરે છે ત્યારે લેખકને આગળની વાર્તા વધારવામાં સહેજ પણ મુશ્કેલી પડતી નથી, જેનું એક કારણ 'સન્નાટો' સર્જવાની આવડત છે. આ વિશે બીજી કેટલીક વ્યાખ્યા અને તેની વિભાવનાની ચકાસણી કરીએ.

### ૩.૨ વ્યાખ્યા અને વિભાવના :

અખબારી નવલકથા કોને કહીશું ? સામાન્ય રીતે આ વિશેની સમજ માટે આ પ્રકારની વ્યાખ્યા આપી શકાય.

''અખબારના પાનાં પર હપ્તાવાર છપાતી નવલકથાને અખબારી નવલકથા કહી શકાય.''

આ વ્યાખ્યા આપણને બે વસ્તુ પર ધ્યાન આપવાનું કહે છે.

(૧) અખબાર : અખબારી નવલકથામાં 'અખબાર' એક મહત્ત્વનું કેન્દ્ર છે. અખબારમાં જ આ નવલકથા પ્રસિધ્ધ થાય છે, તેથી અખબાર મુખ્ય તત્વ છે.

(૨) હપ્તાવાર : અખબારમાં સમયના અંતરે કથા છાપવામાં આવતી હોય તો તેને હપ્તાવાર કે ધારાવાહિક કહેવાય. આ સમયગાળો મોટેભાગે અઠવાડિયાનો હોય છે. બુધવાર કે રવિવારની પૂર્તિમાં હપ્તો છપાતો હોય. આ કથાઓ - કે વિભાગો વચ્ચે એક અઠવાડિયાનું અંતર હોય છે તેથી કડીઓ ગૂંથવી જરૂરી બને છે. મહેશ દવે કહે છે :

''આ રીતે લખાતી નવલકથાની કેટલીક શરતો છે. દરેક પ્રકરણે સાતત્ય સાધવાનું પછીના પ્રકરણ માટે આતુરતા સર્જવાની આ માટે બને તો આગલા પ્રકરણને અંતે સન્નાટો સર્જવાનો.''[૬]

સાતત્ય , આતુરતા અને , સન્નાટો. સાતત્યએ અખબારી નવલકથાનું એક મહત્ત્વનું લક્ષણ બની રહે છે, જેનાથી રોમાંચ જાગે છે. આતુરતા, વગરની કોઈપણ અખબારી નવલકથા નિષ્ફળ

જવાની સંભાવના રહે છે. સન્નાટો, અખબારી નવલકથામાં પ્રસ્તુત થતું એક સ્થિતિગત લક્ષણ છે. મોહમ્મદ માંકડ અખબારી નવલકથાને આ રીતે જુએ છે :

"મને લાગ્યું કે, લેખકે પોતાની વિનમ્રતાથી વાચકને મૂંઝવી દેવાની જરુર નથી, કે શબ્દોના નાવીન્યથી એને આશ્ચર્યમાં નાખી દેવાની જરૂર નથી. એની સાથે 'Communication' કરવાનું છે. વિચારો અને લાગણીઓની આપ-લે કરવાની છે અને એટલે એ સમજી શકે એવા શબ્દો વાપરવાનો શકય તેટલો પ્રયત્ન જરૂરી છે."[૭]

મોહમ્મદ માંકડની વ્યાખ્યામાંથી અખબારી નવલકથાના ત્રણ મુદ્દાઓ - લક્ષણો પ્રાપ્ત થાય છે.

(૧) Communication : કોઈપણ સાહિત્યનું લક્ષણ Communication છે. એ સિવાય સાહિત્ય નિષ્ફળ બની જાય છે. અખબારી નવલકથા એક 'સાહિત્ય' છે તેથી પ્રત્યાયન જરૂરી બને છે.

(૨) આપ-લે - લેવડ દેવડ : અખબારી નવલકથા અન્ય નવલકથા કરતાં એક બાબતે ઘણી જ સજાગ રહે છે, તે છે લાગણીઓ અને વિચારોની લેવડ - દેવડ. આ નવલકથા સીધી સામાન્ય જનતાના સંપર્કમાં રહે છે. તેથી તેની સામગ્રી લાગણી સમૂહ અને વિચારશીલ હોય એ જરૂરી છે. આ તત્વને કારણે તે લોકપ્રિય બને છે.

(૩) સમજી શકે તેવા શબ્દો : અખબારી નવલકથા એક લોકપ્રિય સાહિત્યનો વિભાગ હોઈ લોકો માટે જ તેનું નિર્માણ થાય છે. તેથી એની ભાષા સરળ, સહજ અને સમજાઈ શકે તેવી પારદર્શક હોય છે. વ્યવહારુ ભાષાની નજીક રહીને કામ પુરૂં પાડે છે. છતાંય એને માત્ર એ માટેનું જ સમજી શકાય નહીં.

"ધારાવાહિકરૂપે પ્રગટ થતી નવલકથાઓ માટે એક એવો મત પ્રચલિત છે કે આ પ્રકારની નવલકથાઓ સામાન્ય માનવીના મનોરંજન માટે લખાતી હોવાથી કલાકૃતિની કક્ષા સુધી પહોંચી શકતી નથી. એમાં વાર્તાની પકડ ઝાઝી પણ જીવન ફિલસૂફી ઓછી. બધી ધારાવાહિક નવલકથાઓ માટે આવું મંતવ્ય ધરાવવું બરોબર નથી."[૮]

મોહનલાલ પટેલનું આ મંતવ્ય એક મહત્ત્વનું મંતવ્ય છે. આ મંતવ્યમાં બધી 'ધારાવાહિક નવલકથા'ને એક જ નજરથી જોવી એ બરાબર નથી. એ વિચારપ્રિય મુદ્દો છે. આગળ આ વિશે ચર્ચા કરી છે. ધારાવાહિક નવલકથા ઉત્તેજનાપૂર્ણ હોય છે, એ હકીકત સ્વીકાર્ય છે. નરેશ વેદ

પોતાના 'નવલકથા : શિલ્પ અને સર્જન' નામના પુસ્તકમાં ધારાવાહિક જેવી નવલકથાઓને 'ઉત્તેજક કથા' (Erotic Novel) કહે છે. તેઓ કહે છે :

"પ્રેમ અને પરાક્રમની, શૌર્ય અને સાહસની, ભેદ અને ભરમની કથાઓનો સમાવેશ આ વર્ગ નીચે કરી શકાય. આવી કથાઓને આપણે સામાન્યપણે 'detective novel' અને 'gothic novel' કહીને ઓળખાવતા આવ્યા છીએ."[૯]

અખબારી નવલકથાની છાપ સામાન્ય રીતે ઉપરોકત મંતવ્યમાં કહ્યું છે તેમ 'ડીટેકટીવ' કે 'ગોથીક' તરીકે રહી છે. પરંતુ પ્રસ્તુત સમયમાં તો આ છાપ સુધરી છે. આમાંથી ડિટેકટીવ નવલકથા લોકપ્રિય છે. આ કથાએ ઘણા જ ભાવકોને આકર્ષ્યા છે અને આ એવી કથા છે જેમાં ખૂનનું કે કોઈ બીજું રહસ્ય ડિટેકટીવ દ્વારા શોધી - ઉકેલી આપવામાં આવે છે.

અખબારી લોકપ્રિય નવલકથામાં 'ડિટેકટીવ' નવલકથાનું સ્થાન ઘણું જ પંકાયેલું અને વખણાયેલું છે. તેથી તેની લાક્ષણિકતાઓની ટૂંકમાં વાત કરીએ પ્રથમ ઘેરા રહસ્યથી આવૃત્ત અપરાધ એ પ્રારંભિક લક્ષણ છે. જ્યારે બીજા સ્થાને આ નવલકથામાં લક્ષણ તરીકે મૂર્ખ કે સહકારશૂન્ય પોલીસ આવ્યા કરે છે. અપરાધી અને પોલીસ બંને વચ્ચે પકડદાવ રચવો એ આ નવલકથાનું મહત્ત્વનું પરિબળ બની રહે છે.

જ્યારે બહાદુર વિલક્ષણ ગુન્હાશોધક આવી નવલકથામાં આવીને મુખ્ય પાત્ર બની જાય છે. તેની તર્ક કરવાની શકિત અને સમસ્યાને ચારેબાજુથી જોવાની વૃત્તિ ઉપરાંત વિશ્વાસુ સાથીદારનો સાથ મળતા તે ગુન્હાના મૂળ અને કૂળ સુધી પહોંચી જાય છે. અહીં સાથીદાર મહત્ત્વનો છે. શંકાઓની ગોઠવણ પણ લેખક એવી રીતે કરે છે કે ભાવકનો રસ અકબંધ રહે અને તેની જીજ્ઞાસાવૃત્તિ પ્રબળ બનતી જાય. આમ, ડિટેકટીવ નવલકથા અખબારી નવલકથા તરીકે પ્રતિષ્ઠા ધરાવે છે, તે એક ઉપલબ્ધિ છે.

અખબારી નવલકથામાં ઘણી મૂંઝવણો કથા સંદર્ભે જણાઈ આવે છે. કથા મધ્યાંતરે પહોંચે ત્યારે વાર્તા આગળ વધારવાનો પડકાર અવારનવાર આવે. પાત્રો જામ્યાં હોય એવું વ્યકિતત્વ પ્રગટ થઈ ગયું હોય એટલે કથાને આગળ વધારવાનો બનાવટી કોઈ પ્રપંચ એ સ્વીકારે નહીં. આથી જ સાચો અખબારી લેખક માટે પુસ્તકરૂપ કરતાં અખબારરૂપ નવલકથા વધુ પડકાર રૂપ છે આરંભે જે નવલકથા રસપ્રદ અને આસ્વાધ્ય હોય તે મધ્યમાં પણ અને અંતમાં પણ હોવી

જોઈએ.

અખબારી નવલકથામાં એક ઉત્તેજક કથાનો વિભાગ પણ જોઈ શકાય છે. આ વિશેનું - ઉત્તેજક કથા વિશે નરેશ વેદ કહે છે :

"આ જાતની કથાનો અદ્‌ભૂત વિકાસ થયો છે. સંશયની, સનસનાટીની, વિસ્મયની, રહસ્યની સાદી તેમ સાહસ કથાઓ જાતીયતા અને હિંસાની રોમાંચક કથાઓ - એમ અનેક સ્વરૂપમાં આ કથા વિકસી છે."[૧૦]

આ મંતવ્ય પ્રમાણે જોઈએ તો આવી કથાઓ સમાજમાં અને સમાજના સામાન્ય ભાવકોમાં સ્થાન પામી છે પરંતુ વિદ્વાન વિવેચકો અને સાહિત્યના ઊંચા અને કહેવાતા સર્જકો તો આ પ્રકારની નવલકથાને તિરસ્કારે છે.

અખબારી નવલકથાનું માળખું અનેક રીતે વિશિષ્ટતાઓ ધરાવે છે. બાહ્ય લાક્ષણિકતાઓની સાથે-સાથે આંતરિક લાક્ષણિકતાઓ પણ જોવા મળે છે. વાર્તારસ મુદ્દે આ બંને પ્રકારની લાક્ષણિકતાઓ ધરાવે છે. આ મંતવ્ય ઘણું કહી જશે -

આવી કથા સંદર્ભે નાનાભાઈ જેબલિયા લખે છે "વાર્તા ચાલુ હોય ત્યારે આનંદ અને પરિતાપ બન્ને લગભગ સમાંતરે ચાલતા હોય - જે દિવસે સરળતાથી પ્રકરણ લખાયું હોય એ દિવસ આનંદનો હોય. મન મલકયા કરે વહેવારમાં, વર્તાવમાં, સંવાદ રહે...... પણ ગાડું ઘોંચમાં પડે, વાત કોઈ રીતે પાટે ના ચડે ત્યારે માનસિક પરિતાપ વધી જાય. કયારેક એવું પણ લાગે આવો લોહી ઉકાળાનો ધંધો કયાંથી નસીબમાં લખાયો !"[૧૧]

વાર્તાતત્વની નિરંતર માવજત કરતા રહેવું - કંટાળો કે નિરાશા લાવ્યા વગર સતત કામ કરવું. નવલકથા લખવામાં શરૂઆતમાં પાંચ પ્રકરણો તકલીફ આપે. પરંતુ આ પ્રથમ વિભાગ લખાઈ ગયા પછી ગાડી સડસડાટ ચાલ્યે જાય એવું પણ બને. એમાં ચેકભૂંસ થયા કરે. એ તો દરેક સર્જનની વિશેષતા છે. આવું જ બધું પાત્રો અને ઘટનાઓ વિશે બનતું હોય છે.

પાત્રો ઘટનાઓ કયારેક બદલાઈ જાય. સંવાદો, વર્ણનો બધું કયારેક ફરી જાય. પરંતુ એકવાર નવલકથા મોશનમાં આવ્યા પછી પાત્રો હાથમાં ના રહે, આપણી સામે થાય એમનું ધાર્યું કરે.

આવી સ્થિતિ હોવા છતાં લેખક મનોમંથનથી - ગડમથલથી આવી સમસ્યાઓ સુલઝાવી દે છે. આવું કરવામાં જે માહિર હોય છે તેની આ ક્ષેત્રમાં ઘણી પ્રતિષ્ઠા થાય છે. ગુજરાતી અખબારી

નવલકથામાં હોંશિયારી દાખવનાર તરીકે પ્રિયકાંત પરીખનું નામ ઘણું પ્રસિધ્ધ છે તેથી આ મંતવ્ય પ્રિયકાંત પરીખ લખે છે તે મહત્ત્વનું છે.

'ધારાવાહિક નવલકથાઓના લોકપ્રિય લેખક તરીકેનું લેબલિંગ મારા લલાટ પર જડી દેવાયું છે એનો મને અવર્ણનીય આનંદ છે'. ૧૨

વાર્તા - પાત્રો વર્ણનોની ત્રિવિધ શકિત જેની પાસે હોય તે જ અખબારી નવલકથામાં સફળતા હાંસલ કરે છે. સામાન્ય વાચક તો કથામાં - વાર્તામાં અને રોમાંચક બનાવોમાં રસ ધરાવે છે નરેશ વેદ કહે છે -

"મનુષ્યને રસ છે વૃત એટલે કે બનાવમાં જે કંઈ ઘટના બને તેના વિશે માહિતીનો સંચય કરવો અને પછી તેનું સંપ્રેષણ કરવું એ મનુષ્ય સ્વભાવનું એક મુખ્ય લક્ષણ છે."[૧૩]

અણધારી નવલકથા પણ આજ લાક્ષણિકતા પર આધારિત છે. તેમાં કથા જ એનું કેન્દ્ર છે, કયારેક જ એનું કેન્દ્ર પાત્ર રહે છે. જો પાત્ર રહે તો તે આત્મકથાનાત્મક - ચરિત્રાત્મક કે વ્યકિતલક્ષી નવલકથા બની જાય છે. અખબારી નવલકથા કથા તત્વને ઊજાગર કરે છે.

અખબારી નવલકથાની આટલી ચર્ચા બાદ વાર્તા તત્ત્વમાં રોમાંચ - મનોરંજન - રસતત્ત્વ અને ઉન્માદ વગેરે લક્ષણો જરૂરી હોય છે તેમ લાગ્યું છે. જાહેર જનતા કે સામાન્યજન આપણે જેને કહીએ છીએ તેવા લોકોમાં તો વિશેષ રીતે મનોરંજક બને તેવી કથાઓ લોકપ્રિય થતી હોય છે. કનૈયાલાલ મુનશીની નવલકથા પણ આ રીતે લોકપ્રિય થઈ હતી. "....મુનશીની 'મનોરંજકતા'ને પણ સર્જક તરીકેની નબળાઈ ગણવામાં શાસ્ત્રીય દષ્ટિબિંદુ પ્રગટતું નથી. મનોરંજકતા અને સાહિત્યિકતા પરસ્પર વિરોધી વિભાગો નથી."[૧૪]

રઘુવીર ચૌધરીનું આ મંતવ્ય આપણને ઘણું બધું સૂચન કરી જાય છે. મનોરંજકતા એ લોકપ્રિય અને અખબારી સાહિત્યનું મહત્ત્વનું લક્ષણ છે. વિવેચકો અને વિદ્વાનો મુનશીની નવલકથાઓને મનોરંજક કહીને સાહિત્યની શિષ્ટ કૃતિઓમાંથી બાદબાકી કરી દે છે, તે પર ચોખવટ કરતું અને નક્કર મંતવ્ય આપતું આ અવતરણ માત્ર મુનશી માટે જ નહીં પણ દરેક મનોરંજક સાહિત્ય માટે લાગું પાડી શકાય તેમ છે.

અખબારી નવલકથા માત્ર મનોરંજક નથી માત્ર લોકપ્રિય નથી, એમાં એક સર્વ સામાન્ય નવલકથામાં હોય તેવાં લક્ષણો તો છે જ સાથે - સાથે વિશેષરૂપે ઘણાં બીજાં ઉલ્લેખનીય લક્ષણો

પ્રાપ્ત થયાં છે, જેની અહીં ચર્ચા કરું છું.

**૩.૩ લક્ષણ અને વિશેષ ઘટકતત્ત્વો :**

અખબારી નવલકથા, નવલકથાનું એક મહત્ત્વનું સ્વરૂપ છે, એક મહત્ત્વનો પ્રકાર છે. આ સ્વરૂપને સમજવા માટે એનાં લક્ષણોની સમજ જરૂરી છે. અખબારી નવલકથાનાં સર્વ સામાન્ય લક્ષણો નીચે મુજબ છે :

આ લક્ષણો કોઈ નવલકથાનાં નહીં પણ માત્રને માત્ર અખબારી નવલકથાનાં છે.

૧. લખાણનું સાતત્ય

૨. આતુરતાનું સર્જન

૩. સન્નાટાનો અનુભવ

૪. પ્રત્યાયનક્ષમતા

૫. સૂચનો - વર્ણનોની સમૃદ્ધિ

૬. રહસ્ય ગૂંથવાની આવડત

૭. ધંધાદારી અભિગમ

૮. ડેડ લાઈનની તકેદારી

૯. પારદર્શક ભાષા

આ બધાં લક્ષણોની વિગતે ચર્ચા-વિચારણા કરવાનો ઉપક્રમ છે જેમાં ઉદાહરણો સહિત વિશેષતા - મર્યાદા દર્શાવવાનો ઉદ્દેશ્ય રાખ્યો છે. જેનાથી આપણા આ અભ્યાસને વધુ પોષણ મળે તેમ છે.

**★ લખાણનું સાતત્ય :**

લખાણનું સાતત્ય એ નવલકથાનું મહત્ત્વનું લક્ષણ છે. એક નવલકથાકારે તો એક નવલકથાનું લખાણ દસ વર્ષ સુધી કર્યુ હતું. સુધારા વધારાના અવકાશ પ્રમાણે આ પ્રક્રિયા થતી હોય છે. અખબારી નવલકથામાં આ લક્ષણ જરા જુદી રીતે જોવા મળે છે. અખબારી નવલકથા દર સપ્તાહે પ્રગટ થતી હોઈ તેને આખું અઠવાડિયું લખાણ માટે સજ્જ રહેવું પડે છે. આથી જ કહેવાયું છે કે -

"નવલકથા કેવળ કલા પ્રકારને પ્રયોગો માટેનું જ સ્વરૂપ નથી. જીવન સાથે એને પનારો છે."[૧૫]

જીવતા જીવન સાથે વહેતું આ સ્વરુપ પણ પોતાની પ્રવાહિતાનો પરિચય આપે તે જરુરી છે.

લખાણનું સાતત્ય વિશેનાં આ ઉદાહરણો જોઈએ !

"મને લખવામાં રસ છે, તેથી હું લખું છું, પણ જયારથી અખબાર માટે લખતો થયો છું ત્યારથી સતત, એકધારું અને નિયમિત લખવાની ટેવ પડી છે."[૧૬]

આ ઉદાહરણો પરથી સ્હેજેય ખ્યાલ આવી જશે કે જ્યારે લખાણમાં સાતત્યનું લક્ષણ કામ કરે છે ત્યારે વિષય - ભાષા - સર્જક અને અભિવ્યકિત પણ કેવી અસર પડે છે. લખાણમાં સાતત્યનું પરિબળ અખબારી નવલકથા પર નીચેની અસરો પાડે છે :

(૧) આઠે પ્રહર લખવાનું થતું હોઈ સામાન્ય મનોરંજકતાનાં દૂષણો કહો કે લક્ષણો નવલકથામાં પ્રગટે છે.

(૨) લખાણનું સાતત્ય એક જેવી Quality અને સ્વરૂપ સર્જે છે. આ માટે આ વિધાન જોઈ શકાય તેમ છે :

"મે ત્રીસેક નવલકથાઓ લખી છે, કારણ કે, લેખન ઉપર જીવવા માટે મારે એમ કર્યા વિના છૂટકો જ નહોતો. હું જાણતો હતો કે દૈનિકમાં આવતી નવલકથાઓ પ્રસિદ્ધિ આપી શકે છે પરંતુ સિદ્ધિ આપી શકતી નથી."[૧૭]

લખાણનું સાતત્ય નવલકથાકાર પર પણ ઊંડી અસર કરે છે. આ અસરો પણ તપાસવી જોઈએ. 'નવલકથા અને હું' નામના 'શબ્દસૃષ્ટિ'ના અંકમાં અખબારી નવલકથા લખનારા સર્જકો પણ સમાવેશ પામ્યા છે, એમાં ઘણા લોકોએ આ લક્ષણ પરત્વેનો પોતાનો અનુભવ વ્યકત કર્યો છે.

આ બધા અનુભવો વાંચ્યા પછી મુખ્યત્વે ત્રણ બાબતો પ્રકાશમાં આવી છે :

(૧) આવા સર્જકોને સ્થળ - કાળની વાડાબંધી રાખ્યા સિવાય લખવું પડે છે.

(૨) વિષય પ્રસંગ અને પાત્રનો મારી મચેડીને મેળ બેસાડવો પડે છે. કયારેક વાચકોનો મત હાવી થઈ જાય છે.

(૩) કલાકૌશલ હોવા છતાં તેનો પ્રાયોગિક ધોરણે સીમિત પ્રયોગ જ થઈ શકે છે.

ત્રીજી અસર ઘણું કહી જાય છે. આથી જ અખબારી નવલકથા માટે ધંધાદારી અભિગમ

સ્વીકારવો જ પડે છે. ધંધાદારી અભિગમને કારણે જ 'લખાણનું સાતત્ય'નું લક્ષણ ઊભું થયું છે. કયારેક તો આવા લખાણો ઊભડક થતાં હોય છે. તેથી એ લખાણોમાં Quality બાબતે ઘણાં સમાધાનો કરવાં પડે છે. સાતત્યને કારણે લખાણ લખવાની કે ટાઈપ કરવાની ઉતાવળ રહેતી હોય છે. આથી જ જે ડેડલાઈન નક્કી કરી હોય એ સમયે કોઈપણ ભોગે પ્રકરણ પહોંચાડવાની જવાબદારી લેખકની રહેતી હોય છે.

લખાણનું સાતત્ય જરૂરી છે કે નહીં ? એ પ્રશ્ન ઘણો મહત્ત્વનો બની જાય છે ત્યારે લખાણનું સાતત્યના ઘણા ફાયદા અને ગેરફાયદા પણ છે. લેખકોની કેફિયત વાંચતાં - વાંચતાં જે કંઈ થોડાઘણા મુદ્દાઓ ધ્યાનમાં આવ્યા છે તે આ પ્રમાણે છે :

''લખાણનું સાતત્ય શારીરિક અવસ્થા પર અસર કરે છે, તેથી માનસિક અસ્વસ્થતા ઊભી થાય છે. પરંતુ આ સ્થિતિના સંદર્ભમાં લેખકો શું કહે છે ? લેખકોનું એક મતે મંતવ્ય છે કે રસકીય પ્રવૃત્તિ કરતાં હોઈએ એટલે કે નવલકથાનું લખાણ કરતા હોઈએ ત્યારે શારીરિક સ્થિતિનું ભાન રહેતું નથી. ઘણા લેખકોનો એક સાથે બે - બે ત્રણ - ત્રણ નવલકથાઓનું આલેખન એક સાથે કરતા હોય છે. આ સંદર્ભમાં પ્રસિદ્ધ લેખક સુમંત રાવલ અખબારી નવલકથા વિશે અનુભવ કહે છે : ''શરૂઆતમાં કથાને હું દોરું છું, પણ પછી કથા મને દોરે છે અને મારે મજબૂર થઈને પણ દોરાવું પડે છે. કાંઠે ઊભા હોઈએ ત્યાં સુધી છબછબિયાં મારી શકાય પણ વચ્ચે પહોંચ્યા પછી છબછબિયાં ન ચાલે પછી તો તળિયે પહોંચીને તાગ લાવવો જોઈએ.''[૧૮]

કથાની ગૂંથણી અને લેખનનું સાતત્ય ઘણું મહત્ત્વનું છે. કેટલાક સિદ્ધહસ્ત નવલકથાકારો ચાલતી કલમે લખી શકે છે. ચુનીલાલ મડિયા લખી લખીને પાનાં આપતાં જાય અને પ્રેસવાળાઓએ પાનું કમ્પોઝ કરતા જાય એવી રીતે એમની ધારાવાહિક હપ્તો પૂરો થતો ને છપાતો.

આ રીતે લખાણનું સાતત્ય ધારાવાહિક અખબારી નવલકથાનું મહત્ત્વનું પરિબળ છે. લેખક જ્યારે કોઈ અખબારમાં લખતો હોય છે ત્યારે તેને આ વલણ - લક્ષણ અને પરિબળને ધ્યાનમાં લેવું પડે છે.

★ **આતુરતાનું સર્જન :**

ધારાવાહિક અને અખબારી નવલકથાનું સર્જન કરતી વખતે જે બીજું તત્ત્વ અને લક્ષણ પ્રગટ થાય છે તે છે - આતુરતાનું સર્જન. આતુરતા એટલે શું ? આતુરતા એટલે કોઈ વાચક રાહ જુએ અને એ વસ્તુ માટે તડપે - તરસે ત્યારે તેને આતુરતા કહેવાય છે. પહેલો હપ્તો કે વિભાગ વાંચ્યા પછી બીજો હપ્તો વાંચવા માટેની જે ઉત્કંઠા સર્જાય છે તેને આતુરતા કહેવામાં આવે છે.

સાહિત્ય લોકજીવનમાંથી જન્મે છે. લોકજીવનમાં સાહિત્યનું સ્થાન ઘણા બધા પ્રકારે મહત્ત્વનું બની રહે છે. કારણ કે સાહિત્ય લોકજીવનમાં આવાં કાર્યો છે : આનંદ, બોધ, જ્ઞાન, પ્રેમ અને ભાષા વિસ્તાર આ બધું ત્યારે શક્ય બને છે જ્યારે જીજ્ઞાસા ઉત્પન્ન કરી શકાય. જીજ્ઞાસામાં આતુરતાનો અંશ સમાયેલો રહે છે, જેનો મહત્તમ ફાયદો અખબારી ધારાવાહી નવલકથા ઉઠાવે છે. પરંતુ આ ક્ષેત્રની જિજ્ઞાસા અને આતુરતા જુદા પ્રકારની છે.

આ આતુરતા કેવા પ્રકારની છે ?

(૧) ઘટનાનો આઘાત સર્જીને

(૨) પાત્રનો આઘાત સર્જીને

(૩) સ્થિતિનો આઘાત સર્જીને

ઘટનાનો આઘાત સર્જીને ઉત્પન્ન કરવામાં આવતી આતુરતામાં ઘટનાને અચાનક ચમકી જવાય એ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે. ધારો કે ઘટનાનો પ્રવાહ ચાલતો હોય અને તેમાં અચાનક વળાંક લાવવાનું વલણ જોવા મળે છે. ઉદા. તરીકે પ્રિયકાન્ત પરીખ - પ્રકરણના અંતે આવતી ઘટનાના આઘાતની ટેકનિક ઊભી કરીને બીજા પ્રકરણની આતુરતા જગાવી હતી. એવી ઘણી નવલકથાઓ છે જેમાં આ લક્ષણનું બહુધા પ્રસ્તુતિકરણ થયું છે. હરકિસન મહેતાની ‘પીળા રૂમાલની ગાંઠ’ નવલકથા પ્રસિદ્ધ થતી હતી ત્યારે દરેક હપ્તે આ જ લક્ષણ અજમાવવામાં આવતું હતું. આજે ધારાવાહિકો (ટી.વી.) પણ આજ લક્ષણને મહત્તમ રીતે ઉજાગર કરી રહ્યા છે. ટી.વી. ચેનલો પર ચાલતી ધારાવાહિકોનાં અંતમાં રજૂ થતો પ્રસંગ આ લક્ષણને યોગ્ય રીતે રજૂ કરે છે.

આ પ્રકારનાં લક્ષણમાં ત્રણ બાબતો રજૂ થાય છે :

(૧) સનસનાટી મચાવવી

(૨) વાર્તારસને પરાકાષ્ઠાએ લઈ જવો

(૩) સાતત્યની ઝંખના ઉભી કરવી

આતુરતાનું સર્જન કરીને નવલકથાકારો આ ત્રણ બાબતોને ઊજાગર કરે છે. જેને કારણે નવલકથાના એક હપ્તાનું જોડાણ બીજા હપ્તા સાથે થઈ જાય છે. આ બે હપ્તા વચ્ચેના સમયમાં વાચક - ભાવક વાર્તાને, નવલકથાને ભૂલી ના જાય માટે આવું આતુરતાનું સર્જન કરવું બહુ જરૂરી છે. હવે શું થશે ? હવે શું ? હવે આ ઘટના કેવો વળાંક લેશે ? જેથી ઉત્સુકતા જગાવીને લેખક બે હપ્તાને જોડવાનું કાર્ય કરે છે.

આ માટે આપણે એક બે નવલકથાનાં ઊદાહરણો જોઈએ :

“એ જ આ સભા છે. જેણે શીલવંતી દ્રૌપદીનું કૌરવોના હાથે થતું અમાનુષી અપમાન ઠંડા દિલે ને ઠંડા લોહીએ ટગર ટગર જોયા કર્યું છે.”

“કેમ જાણ્યું કે આવાં જ કારણે ક્ષત્રિયોના આ રણયજ્ઞ નહિ મંડાઈ રહ્યો હોય ધર્મરાજ.”[૧૯]

આ ઉદાહરણો પરથી ખ્યાલ આવ્યો હશે કે આતુરતાનું સર્જન કરીને લેખક અનેક રીતે કથાને, વિષયને, પાત્રને, વાતાવરણને, સ્થિતિને અને વાચકરસને ન્યાય આપે છે, એને પરાકાષ્ઠા સુધી લઈ જવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

નવલકથાએ વાર્તારસ અને કલારસનું ઉત્તમ ઉદાહરણ છે ત્યારે આ લક્ષણ એમાં કયો ભાગ ભજવે છે, એ ચર્ચા ઘણી ઉપયોગી છે. બેશકપણે, વાર્તારસમાં તો આ લક્ષણ સો ટકા સફળતા મેળવી જાય પણ કલારસ એના આંતરિક માળખા પર આધારિત છે, જેની ચર્ચા અલગથી કરી શકાય તેમ છે.

**★ સન્નાટાનો અનુભવ :**

અખબારી નવલકથાનું એક અગત્યનું લક્ષણ છે - સન્નાટાનો અનુભવ. સન્નાટાનો અનુભવ એટલે શું ? આગળના લક્ષણની ચર્ચા કરતી વખતે જે આઘાતનું સર્જનની વાત કરી છે તે મૂળે તો આ જ લક્ષણની પ્રસ્તુતિ છે.

સન્નાટાનું સર્જન અખબારી નવલકથામાં શા માટે જરૂરી છે ? આ માટેનાં મુખ્ય કારણો આ

પ્રકારે છે :

* નવલકથા શુષ્ક કે ગંભીર હોય તો અને એનો વાર્તા પ્રવાહ ધીમો હોય તો વાચકો આકર્ષાતા નથી.

* સામાન્ય વાચક કશું 'એકસાઈટ' કરે તેવું ખોળતો હોય છે.

* વાર્તારસના મૂળમાં 'રહસ્ય'નું તત્વ હોવાથી લેખક એનો ફાયદો ઊઠાવે છે અને એના નિરૂપણ માટે સન્નાટાનો અનુભવનું લક્ષણ રજૂ કરે છે.

સન્નાટાનો સંબંધ ત્રણ પરિબળો સાથે છે તેથી લેખક એનો બહોળો ઉપયોગ કરે છે.

શિષ્ટનવલકથા કે જેને આપણે કલાના ઉચ્ચ દરજ્જે મુકી શકીએ છીએ એવી નવલકથાઓમાં આ તત્ત્વ ઘણું જ ઓછું જોવા મળે છે, એનું કારણ એ છે કે એ નવલકથાનો વાચક વર્ગ વિદ્વાન, કલાનો જાણકાર - વસ્તુનો પારખું હોય છે, એને આકર્ષવા માટે સન્નાટા જેવું બાહ્ય અને સ્થૂળ તત્ત્વ કામ લાગી શકે નહીં. બીજી વાત એ છે કે અખબારી નવલકથાનો વાચક સામાન્ય બુદ્ધિનો - વ્યવહારુંતાની સામાન્યકક્ષાનો અને ઘરેલું હોય છે. તેથી આ નવલકથાઓ આવા વાચકને સંતોષ આપી શકતી નથી. કારણ (સમજણનો ભેદ) રજૂ થાય છે. અખબારી નવલકથા સન્નાટાનો આથી જ સામાન્ય કક્ષાએ પ્રયોગ કરીને પણ સફળ થઈ શકે છે. આ ઉદા. જોવા જેવાં છે :

"વિવેચક નરેશ વેદ લખે છે કે "સન્નાટાનું સર્જન એ ધારાવાહી નવલકથા માટે અનિવાર્ય થઈ પડે છે કારણ કે જો તેવું ના થાય તો વાચકો દૂર જતા રહે છે."[૨૦]

સન્નાટાનો અનુભવ કોઈ સામાજિક કલ્યાણની ભૂમિકા પર નથી પરંતુ તે તો માત્ર રોમાંચ જ છે. પરંતુ લોકપ્રિય લેખકો સમાજલક્ષિતાને સામે ધરે છે ત્યારે ડો. નરેશ વેદ તેમની આ હરકત પ્રત્યે કટાક્ષ કરે છે :

"સમાજ લાક્ષણિકતાનું સામજિક ચેતના પ્રત્યે અભિમુખતાનું આ બહાનું છે, રૂપાળું ફરેબી બહાનું છે. સવાલ સર્જકની જાત પ્રત્યેની, સ્વરૂપ પ્રત્યેની કળા પ્રત્યેની નિષ્ઠાનો છે."[૨૧]

સમાજ લક્ષિતાના નામે અને સમાજ કલ્યાણના નામે લોકપ્રિય સાહિત્ય ઘણીવાર ભટકી જતું નજરે પડે છે.

### ★ લોકપ્રિયતાની તકેદારી :

અખબારી નવલકથાનું અન્ય એક લક્ષણ લોકપ્રિય નવલકથાની તકેદારી છે. લોકપ્રિયતાની તકેદારી જરૂરી છે. સામાન્ય પ્રજાજનોનું મનોરંજન કરનારી કૃતિને આપણે લોકપ્રિય સાહિત્યના વર્ગમાં મૂકીએ છીએ. મનોરંજન અને કલા બંને જુદા નથી પરંતુ જ્યારે માત્ર મનોરંજન માટે જ કલાના માધ્યમનો પ્રયોગ થાય છે ત્યારે લોકપ્રિયતા જોખમમાં મુકાઈ શકે છે. જેમ કે અશ્લીલ સાહિત્ય લોકપ્રિય હોય છે, તેને આ નજરિયાથી જ નુકશાન થયું છે. કામકલા સાહિત્યનો વિષય છે, હોઈ શકે પણ માત્ર મનોરંજન આ કામકલાને અત્યંત નિષ્કૃષ્ટ કક્ષાએ લઈ જાય છે. આવું જ લોકપ્રિય એવી અખબારી નવલકથાનું થાય છે. આ સમગ્ર ચર્ચા માટે આપણે આ અવતરણ જોઈ શકીએ. લોકપ્રિય સાહિત્ય માટેની આ પ્રવૃત્તિ સામે ચેતવણી આપતાં પ્રીતિ શાહ લખે છે :

“જો સાહિત્ય માધ્યમોની સર્વોપરિતા સ્વીકારશે અથવા તો પ્રજાની રૂચિને વશ થઈ જશે તો સાહિત્ય પર એની અવળી અસર થવા સંભવ છે. પરંતુ જો માનવીય સંવેદનાને સર્જક આગવી દષ્ટિથી જોતો રહેશે અને એને શબ્દરૂપ આપતો રહેશે તો સાહિત્યની ધારા અવિછિન્નપણે વહેશે અને સર્જક ચિત્ત પણ આ સમૂહ માધ્યમોમાં નવાં - નવાં રૂપો સિદ્ધ કરતું રહેશે.”[૨૨]

લોકપ્રિય અખબારી નવલકથામાં લોકપ્રિયતા અને કલાનો સમન્વય પણ ઘણીવાર થાય છે, આવું થાય છે ત્યારે આ સ્વરૂપ વધુને વધુ ઉન્નતિ પામે છે. આ ઉદાહરણ જુઓ :

પ્રણયના જૂજવાં પોત વિશે રાધેશ્યામ શર્મા લખે છે કે -

“... પરંતુ મને આ કથામાં પન્નાલાલની જીવનદષ્ટિ અને સર્જનદષ્ટિ સાક્ષી પૂરતો એક પ્રસંગ લાગ્યો તે ઘાંટીની ઘડીઓમાં રોઝા તે છે.”[૨૩]

પરંતુ લોકપ્રિયતામાં ઘણાં ભયસ્થાનો રહેલાં છે : ડૉ. નરેશ વેદ આ ભયસ્થાનનો સંકેત કરતાં કહે છે:

(૧) નવલકથાનું વ્યાપારીકરણ થવા લાગ્યું છે. તેમાં લેખક પક્ષે બેવડી રોયલ્ટી અને લોકપ્રિયતાનાં કારણો છે અને પ્રકાશકના પક્ષે બજારલક્ષિતા (Marketability)ના કારણો છે.

(૨) નવલકથાકારોમાં નિષ્ઠા, પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા ખૂટતી જણાય છે. તેઓ બહુ સહેલાઈથી લોકપ્રિયતા, લોકાભિમુખતા, ધારાવાહિકતાના પરંપરાગત ઢાંચામાં ઢળવા લાગે છે.... પ્રયોગમાંથી પરંપરામાં સરવા છતાં ઉગરવાનું બહાનું એમને મળી ગયું છે એ છે કે આ રીતે

લોકપ્રિયતાની વધુ પડતી તકેદારીથી પણ આ ક્ષેત્રને નુકસાન થાય છે.

★ **પ્રત્યાયનક્ષમતા :**

લોકપ્રિયતાનો મુખ્ય અર્થ એવો થાય છે કે તે વધુને વધુ પ્રત્યાયનક્ષમ છે. જો તે પ્રત્યાયનક્ષમ ના હોય તો તે લોકપ્રિય બની શકે જ નહીં. 'Communication' એ કોઈપણ સાહિત્યની જરૂરિયાત છે, જ્યારે સાહિત્ય પ્રત્યાયનક્ષમ નથી બનતું ત્યારે તેની આવરદા ઘટી જતી હોય છે. એમાંય વળી અખબાર જેવા સમૂહ માધ્યમમાં જે સાહિત્ય છપાય છે, એને તો પ્રત્યાયન પર ઘણું ધ્યાન આપવું પડે છે. લોકપ્રિય લેખક આ સહજ રીતે કરે છે. પ્રિયકાંત પરીખ લખે છે કે -

'લોકપ્રિય નવલકથાકાર' તરીકે મને પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે એનું મને ગૌરવ છે. સાહિત્યનું હોય કે કળાનું ક્ષેત્ર હોય. લોકપ્રિય થવા કોણ મથતું નથી ? લોકપ્રિયતા કોને ગમતી નથી ?''[૨૪]

વધુને વધુ વાચકો - ભાવકો - ખાસ તો જેને સાહિત્ય સિદ્ધાંતો અને કલા નિયમોમાં કશી સમજ પડતી નથી એવા સામાન્ય વાચકો સુધી પોતાની વાત લઈ જવામાં જે સફળ થાય છે તે લોકપ્રિય કલાકાર. આવા કલાકારો સાહિત્યને નવી જ દિશા આપે છે. કાજલ ઓઝા વૈદ્ય -

''લેખન મારો વ્યવસાય નથી, મારું જીવન છે. શબ્દો મારી અભિવ્યકિત નથી, મારા અસ્તિત્વનો ભાગ છે. હવે કયારેક મને લાગે છે કે જીવવાનું બંધ કરી દેવું સહેલું છે, લખવાનું બંધ કરી દેવું સહેલું નથી.''[૨૫]

અખબારી નવલકથાના લેખકો એકવાર લોકપ્રિય થઈ જાય પછી એમને ઘણાં આકર્ષણો મળતાં થઈ જાય છે, એને કારણે તેઓ વધુને વધુ નવલકથા લખે છે. પરિણામે રાત દિવસ લખવું એ જ એમનો વ્યવસાય બની જાય છે. માન - સન્માન પ્રતિષ્ઠા અને આમંત્રણો વચ્ચે લેખક ઘેરાઈ જાય છે, પરંતુ આ બધું ક્ષણિક ગણવું જોઈએ છે કારણ કે પત્રકારત્વનું ક્ષેત્ર અલ્પજીવી છે.

યાસીન દલાલ કહે છે : ''પત્રકારત્વને સાહિત્યનો જ એક પ્રકાર ગણવામાં આવે છે પણ એ પ્રકાર એક રીતે પ્રાસંગિક અને અલ્પજીવી હોઈને સાહિત્યના અન્ય પ્રકારો જેટલું મહત્ત્વ એને ન અપાય એ સ્વાભાવિક છે. છતાં સાહિત્ય અને પત્રકારત્વ બંને પ્રજાચેતનાના અધિકારો છે એ ભૂલવું ન જોઈએ.''[૨૬] અખબારી નવલકથામાં આ બંને ભેગા આવ્યા છે ને પરિણામે એક ત્રીજું જ પરિબળ અને પરિણામ સર્જાય છે એ છે લોકપ્રિયતાનું. પરંતુ આ સમગ્ર ક્ષેત્ર કંઈ આસાન નથી. એ

તો એક ખેલ છે.

"..... તમે એક સાથે લખીને આપી દો તે સવાલ નથી પણ હપ્તે હપ્તે લખવાનું થાય ત્યારે દોરડા પર ચાલતા નટ જેવી સ્થિતિ હોય છે. તમે નજર કે બેલેન્સ ચૂકયા તો સીધા નીચે.."[૨૭]

ટૂંકમાં લોકપ્રિયતાની તકેદારી અખબાર અને સાહિત્ય બંનેને જોડતી કડી છે. આ કડી તૂટે નહીં એનું ધ્યાન રાખવાનું છે. જે દિવસે આ કડી તૂટી જશે એ દિવસે વાચકો અખબારથી અને ભાવકો સાહિત્યથી દૂર ચાલ્યા જશે એમાં કોઈ બેમત નથી. કારણ હવે નો ભાવક મીડિયાધર્મી છે. આથી જ એને જુદી રીતે જોવાની છે. નરેશ વેદ આવી કથાઓ વિશે જુદી સંજ્ઞાઓનો પ્રયોગ કરે છે :

"....આ સમયગાળામાં સારંગ બારોટ, રસિક મહેતા, વિઠ્ઠલ પંડયા, ગૌતમ શર્મા, ચંદુલાલ સેલારકા, દિનકર જોશી, જશવંત મહેતા, હસમુખ શેઠ, અશ્વિન દેસાઈ વગેરે લેખકો પાસેથી 'પબ્લીક ઈન્સ્ટ્રુમેન્ટ' તરીકે અથવા 'મોરલ જર્નાલીઝમ' રૂપે લખાયેલી રંજનકથાઓ મળે છે."[૨૮]

આમ, અખબારી સાહિત્યએ પબ્લીક - મોરલ - રંજનકથા ત્રણેયનું મિલનસ્થાન છે. પબ્લીક માટે 'Communication' જરૂરી છે. 'મોરલ' માટે સામાજિકતા તો રંજનકથા માટે સાહિત્ય જરૂરી છે. આમ આ અખબારી નવલકથા ત્રિવેણી સંગમ બને છે. આથી જ લોકપ્રિય લેખક પ્રિયકાંત પરીખ લખે છે :

"દેશ - વિદેશના ભાવકોની ચાહના અને નવી નવલકથાની પ્રતીક્ષાને આભારી છે. બક્ષીબાબુ વાચકોને ખુમારીથી 'યાર બાદશાહ' કહેતા હું વાચકોને શ્રેષ્ઠ નિર્ણાયકો કહું છું."[૨૯]

વાચકો એ જ ભાવકો છે અને ભાવકોએ જ વાચકો છે. એ સૂત્ર આ ક્ષેત્રનું ઉપયોગી સૂત્ર ગણી શકાય. સુમંત રાવલ લખે છે કે -

"......મારી અને મારા વાચકો વચ્ચે રસ્સાખેંચની રમત ચાલે છે. કયારેક વાચકો મને પોતાના પક્ષમાં ખેંચી જાય છે તો કયારેક વાચકોને હું મારા પક્ષમાં ખેંચી લાવુ છું. પણ રસ્સી તૂટવા દેતા નથી."[૩૦]

આ રસ્સી એટલે જ કલા સાહિત્ય અને મનોરંજન.

ટૂંકમાં 'લોકપ્રિયતા'નું લક્ષણ જ બધે જ સિદ્ધિ પ્રસિદ્ધિ અને ઉપલબ્ધિનું કેન્દ્ર છે. અખબારી નવલકથાની લોકપ્રિયતા મુખ્ય તો ત્રણ વિભાગમાં ઉલ્લેખી શકાય :

(૧) સમૂહ માધ્યમોની લોકપ્રિયતા

(૨) વાચક વિષયની લોકપ્રિયતા

(૩) સર્જકની લોકપ્રિયતા

આ ત્રણેયમાં તો છે માત્ર ને માત્ર વાર્તારસ. મનુષ્ય માત્રને વાર્તામાં, કથામાં રસ છે. એનો લાભ જ અખબારો ઊઠાવે છે તેથી જ ટૂંકીવાર્તાઓ - નવલકથાઓ કવિતા કરતાં વધુ સારી રીતે અખબારમાં સ્થાન પામે છે. કવિતાના ચાહકો અખબારમાં ઓછા જોવા મળશે જ્યારે વાર્તા - નવલકથાના ચાહકો લાખોની સંખ્યામાં. આથી જ શરદ ઠાકર, કાજલ ઓઝા વૈદ્ય આટલાં લોકપ્રિય છે.

## ★ સૂચનો વર્ણનોની સમૃદ્ધિ :

કોઈપણ કથા સાહિત્યને વર્ણનની જરૂર પડે છે. પરંતુ જ્યારે અખબારી નવલકથામાં વર્ણનોની વાત આવે છે ત્યારે ત્યાં સૂચનો અને વર્ણનોની સમૃદ્ધિ જોવા મળે છે. એક સામાન્ય નવલકથા કે જે પહેલાં પુસ્તકરૂપે હોય છે ત્યાં વર્ણનો કરતાં પ્રસંગો પર વધુ ધ્યાન કે કલાત્મકતા પર વધુ ધ્યાન અપાય છે, પણ અખબારી નવલકથામાં ધારાવાહિકતાનું લક્ષણ હોવાથી વર્ણનોની ખાસ જરૂર પડે છે. આ વર્ણનો અનેક પ્રકારનાં હોય છે તેમાં મુખ્યત્વે ત્રણ પ્રકાર તારવી શકાય :

(૧) વસ્તુ સામગ્રી કે Objective

(૨) કથા - વિષય કે Subjective

(૩) પાત્ર - વાતાવરણ Discriptive

વર્ણન ધારાવાહિકોનું મહત્ત્વનું લક્ષણ છે. આ લક્ષણ સંદર્ભે મહેશ દવે લખે છે કે -

‘‘મારી નવલકથા ‘ચકરાવો’માં આફ્રિકાનો પરિવેશ છે. મેં એ વિશેનાં પુસ્તકો, ચિત્રો જોઈ કામ ચલાવેલું. ‘ફૂલછાબ’માં ધારાવાહિકરૂપે છપાતી મારી એ નવલકથા વાંચી ‘ફૂલછાબ’ના તંત્રી હસમુખભાઈ સાંઘાણીએ મને પૂછેલું, તમે કેટલા વર્ષ આફ્રિકા રહેલા ? આફ્રિકા વસીને અહીં આવી વસેલા એક બીજા ભાઈએ પણ આવો પ્રશ્ન પૂછેલો. ખરેખર તો મેં આફ્રિકા જોયું પણ નથી.’’[૩૧]

આ મંતવ્ય પરથી કહી શકાય કે વર્ણનોનું સ્વરૂપ બે પ્રકારનું હોય છે :

(૧) વાસ્તવિક વર્ણનો.

(૨) કાલ્પનિક વર્ણનો.

આ ઉદાહરણો જોઈ શકાય :

(૧) વાસ્તવિક વર્ણનનું ઉદાહરણ :

'અનુબંધ' નવલકથામાં પ્લેગનું વર્ણન - 'ઉર્ધ્વબાહુ'માં મુંબઈના મકાનનું વર્ણન. લેખક - પિનાકીન દવે.

(૨) કાલ્પનિક વર્ણનનું ઉદાહરણ :

''ત્યાં એક સર્પ હતો. એ સર્પ માનવની બોલી બોલતો હતો. એનું મોઢું ઘુવડ જેવું હતું અને એનો આકાર કોઈ સ્ત્રી જેવો હતો.''

ટૂંકમાં વર્ણનો અને એની સમૃદ્ધિ અખબારી નવલકથાનું મહત્ત્વનું પરિબળ છે. કયારેક તો એ દસ્તાવેજ બની જાય છે. યાસીન દલાલ નોંધે છે કે

''આપણી કેટલીક ઉત્તમ નવલકથાઓ ધારાવાહિકરૂપે પ્રગટી હતી એ યાદ રાખવા જેવું છે.... છાપાં જલદી કાળગ્રસ્ત થાય છે છતાં કેટલુંક પત્રકારત્વ ચિરંજીવતાની કોટિએ પણ પહોંચે છે.''[૩૨]

જ્યારે વાસ્તવિક વર્ણનોનું સાહિત્ય પ્રગટ થાય છે ત્યારે તે દસ્તાવેજરૂપ બની જાય છે. ઘણી અખબારી નવલકથાઓ આ રીતે દસ્તાવેજ ગણાય છે. જેમકે હરકિસન મહેતાની 'પીળા રૂમાલની ગાંઠ' નવલકથા એક ચોક્કસ કોમની વાસ્તવિક કથા હોવાથી તે દસ્તાવેજ બની ગઈ હતી. પ્રિયકાંત પરીખ અને વર્ષા અડાલજાની ઘણી નવલકથાઓ વાસ્તવિક વર્ણનોનો આધાર લઈને ચાલે છે ત્યારે તે દસ્તાવેજી રૂપ ધારણ કરે છે.

### ★ રહસ્ય ગૂંથવાની આવડત :

અખબારી નવલકથા એક બાજુ સન્નાટાનો અનુભવ પીરસે છે તો બીજીબાજુ એ રહસ્યતત્વનો વિશેષ લાભ ઉઠાવે છે. 'રહસ્ય'ના બે અર્થ થાય છે :

(૧) કુદરતી રહસ્ય - ભેદ - ગૂઢતાનો અર્થ

(૨) બનાવો - ઘટનામાંથી ઊભાં થતાં રહસ્યો.

રહસ્યનો બીજો અર્થ આપણા અખબારી નવલકથા ક્ષેત્રનો છે. 'રહસ્ય' અહીં ઘટના અને બનાવોમાંથી ઉભું થાય છે. રહસ્ય કથાઓનો એક આખો વિભાગ પણ લોકપ્રિય સાહિત્યમાં જોવા મળે છે. મોટાભાગે જાસુસી કથાઓમાં પણ આ રહસ્યતત્વનું મોટા પ્રમાણમાં પ્રસ્તુતિ કરણ થાય છે. ગુનાઓની દુનિયા, કેસ સ્ટડી અને અંડર વર્લ્ડ જેવી પ્રવૃત્તિઓમાં પણ 'રહસ્ય' ગૂંથાય છે.

'રહસ્ય' ગૂંથવાની કળા મોટેભાગે પ્રસંગ આધારિત છે, તેથી પ્રસંગ નિરૂપણ આવશ્યક એવો ગુણ બની રહે છે. ઘણીવાર જાતીયતાને પણ રહસ્યનું માધ્યમ બનાવીને કથાવસ્તુઓને પ્રગટ કરવામાં આવે છે. યશવંત મહેતાની 'વિસુવિપસ વીસ સેન્ટીમીટર'ના અખબારી સમાચારને આધારે વિકસાવવામાં આવેલી કથા છે. જેમ સ્ત્રીને માટે ૪૦ થી ૫૦ની વય મેનોપોઝની હોય છે અને એમાં તે ઘણીવાર અજબ ગજબ રીતે વર્તે છે તેમ પુરુષ પણ ૫૦ થી ૬૦ દરમિયાન અણધાર્યા પાગલપન કરે છે. અહીં પંચાયતના એક પુરુષને ૩૦ - ૩૫ ની એક ધુતારી સ્ત્રી પોતાના જાતીય આકર્ષણમાં ફસાવીને કેવું પતન આણે છે એની કથા છે. 'વિસુવિપસ' ઈટાલીનો સુષુપ્ત (ઘરડો) જવાળામુખી છે. એનો અગર વિસ્ફોટ થાય તો, કેવી તબાહી થાય, એ નવલકથાનું કથાવસ્તુ છે. રહસ્યકથામાં જે તત્વ છે જે તે ઘણી બધી રીતે વાચકોને જકડી રાખે છે પણ એની કેટલીક મર્યાદા છે. રવીન્દ્ર પારેખ જણાવે છે કે -

"રહસ્યકથાને સૂગથી જોવાનું વલણ છે. એમાં લેખક જેટલો જવાબદાર, એને જોનાર હોઈ શકે. ઢગલો નબળી રહસ્યકથા છતાં તે હંમેશ નબળી જ હોય એવું ન પણ હોય. અને એ જ કારણે મારી રહસ્યકથા પૂર્વગ્રહથી જોવાય કે જોવાય જ નહીં એમ બને ને રહસ્યકથા લેખકનું લેબલ લાગી જવાનાં જોખમ છતાં મેં રહસ્યકથાઓ લખી છે."[૩૩]

'રહસ્ય'એ માત્ર રહસ્યકથાઓનું જ નહીં પણ અખબારી અને એવી લોકપ્રિય જ નહીં પણ ક્લાસિક એવી કૃતિઓનું તત્વ હોઈ શકે છે. પરંતુ અબખારી નવલકથાઓએ આ લક્ષણનો વ્યાપક પ્રયોગ કર્યો છે. રોમાંચ - જીજ્ઞાસા - ઉત્કટતા અને સન્નાટાના મિશ્રણ એવું આ તત્વનાં ત્રણ

પરિમાણો જોઈ શકાય છે.

ટૂંકમાં 'રહસ્ય' એ આવી નવલકથાઓનું મહત્ત્વનું લક્ષણ છે.

*****

## સંદર્ભ સાહિત્ય


(૧) પટેલ મણિલાલ હ., ‘ગુ.સા.કોશ-૩’ પૃષ્ઠ - ૫૯૭

(૨) ‘એજન’ પૃષ્ઠ - ૫૯૭

(૩) રાવલ સુમંત, ‘શબ્દ સૃષ્ટિ’ ઓકટો.-નવે.-૨૦૦૭ પૃષ્ઠ - ૧૭૭

(૪) મેઘાણી ઝવેરચંદ, ‘સોરઠ તારા વહેતા પાણી’ પૃષ્ઠ - ૨

(૫) દવે મહેશ, ‘શબ્દ સૃષ્ટિ’ ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ - ૪૫

(૬) ‘એજન’, પૃષ્ઠ - ૪૫

(૭) માંકડ મોહમ્મદ, ‘શબ્દ સૃષ્ટિ’ ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૯

(૮) પટેલ મોહનલાલ, ‘શબ્દ સૃષ્ટિ’ ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૫

(૯) વેદ નરેશ, ‘નવલકથા : શિલ્પ અને સર્જન’, પૃ.-૧૩૪

(૧૦) ‘એજન’, પૃષ્ઠ-૧૩૫

(૧૧) જેબલિયા નાનાભાઈ, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટોબર-નવે. ૨૦૦૭, પૃષ્ઠ-૧૨૩

(૧૨) પરીખ પ્રિયકાંત, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટોબર-નવે. ૨૦૦૭, પૃષ્ઠ-૮૫

(૧૩) વેદ નરેશ, ‘કથાયોગ’, પૃષ્ઠ-૯

(૧૪) ચૌધરી રઘુવીર, ‘ગુજરાતી નવલકથા’, પૃષ્ઠ-૧૨

(૧૫) યાજ્ઞિક હસુ, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૦૧

(૧૬) ભટ્ટ દોલત.. શબ્દ સૃષ્ટિ, નવલકથા વિશેષાંક પૃષ્ઠ - ૧૪૯

(૧૭) માંકડ મોહમ્મદ, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૯

(૧૮) રાવલ સુમંત, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૭૯

(૧૯) પાર્થને કહો ચઢાવે બાણ, પૃષ્ઠ - ૨૭૬

(૨૦) વેદ નરેશ, ‘કથાયોગ’ પૃષ્ઠ-૭૬

(૨૧) વેદ નરેશ, ‘કથાયોગ’ પૃષ્ઠ-૧૦૧

(૨૨) શાહ પ્રીતિ, ‘ગુ.સા.કોશ-૩’, પૃષ્ઠ-૬૦૧

(૨૩) સં.ચૌધરી રઘુવીર, પન્નાલાલનું પ્રદાન, પૃષ્ઠ-૨૧૭

(૨૪) પરીખ પ્રિયંકાત, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૮૪

(૨૫) વૈદ્ય કાજલ ઓઝા, ‘શબ્દ સૃષ્ટિ’, ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૬૩

(૨૬) દલાલ યાસીન, ‘ગુ.સા. કોશ-૩’, પૃષ્ઠ-૫૯૧

(૨૭) માધડ રાઘવજી, 'શબ્દ સૃષ્ટિ' ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૫૬

(૨૮) વેદ નરેશ, 'કથાયોગ', પૃષ્ઠ-૧૧૫

(૨૯) પરીખ પ્રિયકાંત, 'શબ્દ સૃષ્ટિ', ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૮૭

(૩૦) રાવલ સુમંત, 'શબ્દ સૃષ્ટિ', ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૭૯

(૩૧) દવે મહેશ, 'શબ્દ સૃષ્ટિ', ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૪૫

(૩૨) દલાલ યાસીન, 'ગુ.સા.કોશ-૩', પૃષ્ઠ-૫૯૧

(૩૩) પારેખ રવીન્દ્ર, 'શબ્દ સૃષ્ટિ',ઓકટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૮૯